જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૪/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૭૨૬/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૬૯ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૫૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૨૭/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>અપહરણઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૨૮/૧૫</u>

નરોડા : જ્યોતીબહેન ગોપીભાઇ વણઝારા(ઉ.વ.૧૬)(રહે.રામદેવનગરનાં છાપરાં, મુઠીયાગામ, નરોડા) ને આશરે અઠવાડીયા અગાઉ રાતનાં ૧૦/૦૦ થી સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી અરવિંદ હુરસનજી વણઝારા (રહે.ગામ: જાંબડીયા, તા.ડીસા, જી.બનાસકાંઠા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ તા.૧૩/૪/૧૫ નારોજ જ્યોતીબહેનની માતા મંજુલાબહેન વણઝારાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

<u>ઘરફોડ :-</u> <u>સમાચાર યાદી નં.૭૨૯/૧૫</u>

વેજલપુર : રિજવાન મિયાખાન કડીવાલા (રહે.અબ્દુલ બહાલ સાહેબનો મોહલ્લો, ગુજરાત સમાચાર પાસે, ખાનપુર, શાહપુર)એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૪/૧૫ બપોરનાં ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની જુહાપુરા મેમણ શોપીંગ સેન્ટરમાં આવેલ ડિસન્ટ ટાઇલ્સ નામની દુકાનમાં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ટેબલનાં ખાનામાંથી ત્રણ મોબાઇલ ફોન, જરૂરી દસ્તાવેજો અને રોકડા રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આત્મહત્યા:-

સમાચાર યાદી નં.૭૩૦/૧૫

મેઘાણીનગર : (૧) આનંદભાઇ ગૌતમસીંગ પરમાર (ઉ.વ.૧૬)(રહે.શીવશક્તિનગર, દુર્ગા સ્કુલની પાસે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ કોઇ કારણસર તા.૧૨/૪/૧૫ રાતનાં ૧૧/૩૦ થી તા.૧૩/૪/૧૫ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતનાં હુકમાં દુપટ્ટો વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હીરાભાઇ ચલાવે છે.

(૨) દિલીપભાઇ રમેશભાઇ નાયક (ઉ.વ.૨૩)(રહે.એ.જી.ક્વૉટર્સ, મેઘાણીનગર) એ છેલ્લા બે મહીનાથી કોઇ કામ-ધંધો કરતાં ન હોઇ મનમાં લાગી આવતાં તા.૧૩/૪/૧૫ બપોરનાં ૨/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ રાયસિંહ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)